ફોજદારી અપીલ નં. ૧૮૧/૨૦૨૫

–:: ફોજદારી અપીલ નં. ૧૮૧/૨૫ ના કામે આંક–૦૧ લગત હુકમ ::–

૧. અપીલ વંચાણે લીધી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ઉભય પક્ષકારોને સાંભળ્યા.

૨. કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં તથા અદાલતના મંતવ્ય મુજબ પક્ષકારો વચ્ચેનો વિવાદ શમી જતો હોય તે કારણે પક્ષકારો વચ્ચે સંપ જળવાઈ રહેતો હોય તો સામાન્ય રીતે અદાલતે પરવાનગી આપવી જોઈએ. આ કલમનો મુખ્ય હેતુ સમાધાન થવાના કારણે સમાજની સંવાદીતા જાળવવાનો છે.

૩. કેસની હકીકતો, સંજોગો જોતાં હાલની અપીલવાળો ગુનો જેમાં એપેલેન્ટને માત્ર નેગોશીએબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબના ગુના સબબ નીચેની અદાલત દવારા સજા થયેલ છે તે ગુનો સમાધાન કરી શકાય તે મુજબનો ગુનો છે. આ કામના એપેલેન્ટે ફરીયાદવાળા ચેક મુજબની રીસ્પોન્ડન્ટની લેણી રકમ રીસ્પોન્ડન્ટને ચુકવી આપેલ જે રકમ રીસ્પોન્ડન્ટને મળી ગયેલ હોય અને તે રીતે હવે રીસ્પોન્ડન્ટ તથા એપેલેન્ટ વચ્ચે કોઈ જ તકરાર રહેતી ન હોય તે સંજોગોમાં આ કામના એપેલેન્ટની સામે નામ. નીચેની કોર્ટે ફરમાવેલ સજા હુકમ રદ કરી એપેલેન્ટને છોડી મુકવાનો ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા અરજ ગુજારે છે તેવી સમાધાન પુરશીસ બંને પક્ષકારોએ આંક–૧૦ થી રજુ રાખેલ છે. સદર સમાધાન પુરશીસ ધ્યાને લેતાં આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

૧. આ કામના પક્ષકારો તરફે આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ સમાધાન પુરશીસ લગત કરેલ હુકમ મુજબ સમાધાન રેકર્ડ કરી આ કામ ફોજદારી અપીલ નં.૧૮૧/૨૦૨૫ આથી આંક–૧૦ ના સમાધાન મુજબ ફેસલ કરવામાં આવે છે.

...2...

૨. આ કામે ફોજદારી કેસ નં. ૬૬૨/૨૦૨૫ ના કામે તા. ૨૫–૧૧–૨૦૨૫ ના રોજ પોરબંદરના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટનાઓએ એપેલેન્ટ/મુળ આરોપીને કરેલ સજાનો હુકમ રદ કરવામાં આવે છે તથા આરોપી/એપેલેન્ટ રાઠોડ કિશોર નારણને આ અપીલના કામે આંક–૧૦ ના સમાધાન મુજબ નેગોશ્યેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમની નકલ સંબંધિત કોર્ટમાં તાત્કાલીક મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૪ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.
લોક અદાલત

S5lp v[rp xdf"F
v[0lXg, ;[xG;
hh
5mza\
nz
(**Code No. GJ00856**)